
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ વૃષભ**

**આજના ગ્રહોની કુંડળી**




**શુક્રનો ધનરાશિ પ્રવેશ થયેલ છે. રાહુ ત્રીસમીએ સિંહ રાશિમાં પ્રવેશ કરશે.**

**મેષ** રાશિપતિ રાશિને નિહાળે છે. બીજે ઉચ્ચનો ચંદ્ર છે. ધનલાભનો યોગ છે. વિચારીને સાહસ કરવાનું ગ્રહો સૂચવી રહ્યા છે.

**વૃષભ** રાશિમાં ઉચ્ચનો ચંદ્ર તેમજ ચોથે વક્રી ગુરુ સાતમા સ્થાનના શનિની અસરો નાબૂદ કરે છે. મિશ્ર ફળ આપે. કૌટુંબિક જવાબદારીઓ વધારે આવશે - નિભાવી શકશો.

**મિથુન** તમારાં ભવિષ્ય માટે સેવેલ સપનાઓ પૂર્ણ કરવા માટેના પ્રયાસો તમો આજથી શરૂ કરશો જે આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ કરશો - ઈષ્ટદેવની કૃપા તમારા ઉપર રહેશે.

**કર્ક** આપને આનંદ - પ્રમોદ કરવાનો તેમજ ખર્ચા કરવાનો આ સમય હજુ થોડો સમય ચાલુ રહેનાર છે - ધ્યાન રાખીને ચાલશો નહીં તો હવે આબરૂ થવાના યોગ છે.

**સિંહ** હવે તો સમય કુટુંબ સાથે લાગણીઓના તંતુઓ જોડીને પસાર કરવાનો છે - તમારું કુટુંબ જીવન ધર્મમય અને સહવાસભર્યું રહેશે - પ્રવાસ કરશો.

**કન્યા** અગાઉ લીધેલ નિર્ણયોને કારણે આવનાર ખોટ - નુકસાન કેવી રીતે ભરપાઈ થાય તેના અથાગ પ્રયત્નોમાં તમારે ડૂબી જવું પડશે - પ્રયત્નોથી સફળતા મળશે.

**તુલા** માતાનું સુખ ઓછું મળે - જો તમો સંશોધનના ક્ષેત્રમાં હો તો તમોને કોઈ નવી શોધ મળે અને તમો તેથી બધી જ રીતે પ્રગતિ કરો - ગુસ્સાને કાબૂમાં રાખો.

**વૃશ્ચિક** સાહસ કરતાં શીખો પણ વિચારીને કરજો - બીજે શુક્ર કુટુંબ માટે વ્યર્થ ખર્ચા કરાવે - પત્ની ખોટી ખરીદી કરે અને તમો ગુસ્સે થાઓ એવા યોગ છે.

**ધન** પ્રવાસ કરશો. ધર્મ કાર્ય થાય - શુભ કાર્ય થાય - દાન - પૂણ્ય મેળવો - બીનજરૂરી ખર્ચાના યોગ પણ છે - ધ્યાન રાખીને ખર્ચા ઓછા થાય તેનું ધ્યાન રાખશો.

**મકર** રાશિમાં સૂર્ય હોવાના કારણે તમારી વધેલ તેજસ્વિતાને લઈને પત્નીને અસંતોષ રહે - દેશાવરના સારા સમાચાર મળે. રાજ્ય સરકાર તરફથી રાહત અને સહાય મળે.

**કુંભ** સાતમે વક્રી ગુરુ શુભ કાર્યો, ધર્મ કાર્યો અને દાનપૂણ્યના કાર્યોમાં આપની રૂચિ વધારે - આઠમે બદલાનાર રાહુ કોઈ નુકસાન રાહુ કોઈ નુકસાન નકરે તેની સાવચેતી રાખવી.

**મીન** આઠમે મંગળ - તમોને પડવા - વાગવા - દાઝવાથી સાવચેત રહેવા માટે સૂચવે છે - શક્ય બને તો વાહનથી દોડાદોડી કરવાનું ટાળવું.



પાલનપુરમાં પાટીદાર આંદોલનમાં હાર્દિક પટેલ અને અન્ય સાથીદારને જેલમુક્ત કરવા માટે ઉપવાસ આંદોલન કરનાર રેશમા પટેલે પાલનપુર ખાતે એક દિવસના ધરણા કરેલ. રેશમાએ પાટીદાર મહિલાઓને અનામત આંદોલન ઉગ્ર બનાવવા સરકાર સામે લડી લેવા જણાવ્યું હતું.

# આજથી ચાલીસ દિવસ સુધી આકાશમાં ગ્રહોનો અદ્ભુત નજારો

ગાંધીનગર, તા. ૧૯

આકાશમાં સમયાંતરે ખગોળીય ઘટના બને છે. શોધાયેલા ગ્રહો અને વણશોધાયેલા ગ્રહો સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે. અગિયાર વર્ષ બાદ આકાશમાં મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ એમ પાંચ ગ્રહો તા. ૨૦મી જાન્યુઆરીથી તા. ૨૯મી ફેબ્રુઆરી સુધી એક સાથે પૂર્વ દિશામાં સૂર્યોદય પહેલા નરી આંખે જોઈ શકાશે. આકાશમાં વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં એક સાથે આજે દિશામાં પાંચ ગ્રહોનો અવકાશી નજારો જોવા મળ્યોહતો. ૧૧ વર્ષ બાદ ફરીને પૂર્વ દિશામાં સૂર્યોદય સમયે ક્ષિતીજે ચંદ્ર દ્વારા મંગળ, બુધ, ગુરૂ, શુક્ર અને શનિ ગ્રહોને આસાનીથી નરી આંખે જોઈ શકાશે.

આકાશમાં વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૫માં એક સાથે આજ દિશામાં પાંચ ગ્રહોનો અવકાશી નજારો જોવા મળ્યો હતો. ૧૧ વર્ષ બાદ ફરીને પૂર્વ દિશામાં સૂર્યોદય સમયે ક્ષિતીજે ચંદ્ર દ્વારા મંગળ, બુધ, ગુરૂ, શુક્ર અને શનિ ગ્રહોને આસાનીથી નરી આંખે જોઈ શકાશે. બુધ, શુક્ર, શનિ, મંગળ અને ગુરૂ ગ્રહો એકસાથે કતારબંધ જોવા મળશે. આકાશમાં ગ્રહોની આગવી ઓળખ છે. તેમાં ૨૮મી જાન્યુઆરીએ ચંદ્ર પાસે ગુરૂ ગ્રહ, જ્યારે પહેલી ફેબ્રુઆરીએ ચંદ્ર પાસે યુતિમાં મંગળ ગ્રહ જોવા મળશે. તા. ૮ ફેબ્રુઆરીએ ચંદ્રથી માત્ર ૧ ડિગ્રી દૂર શનિ ગ્રહ જોવા મળશે. તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ શુક્ર ગ્રહ આહલાદક જોવા મળશે. વિજ્ઞાનના ઉપકરણોથી વધુ સ્પષ્ટ જોઈ શકાશે.

સવારે પોણા છ થી સાત આસપાસ એક કલાકના ગાળામાં પાંચેય ગ્રહો પૂર્વ દિશામાં ક્ષિતિજે જોવા મળશે. જેમાં સૌથી તેજસ્વી પ્રકાશિત શુક્ર ગ્રહ જલ્દી ઓળખાય જાય છે. બાદ ગુરૂ, શનિ, મંગળ અને બુધ ગ્રહ જોવા મળશે. બુધ ગ્રહ જોવા માટે ખગોળદૃષ્ટિ અતિ જરૂરી છે.

## આઈએએસમાં પસંદગીથી નિમણૂંક માટે ૫ ફેબ્રુઆરી સુધીમાં અરજી કરવાની રહેશે

ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સેવામાંથી આઈ.એ.એસ.માં પસંદગીથી નિમણૂંક માટે પારદર્શક વ્યવસ્થા અમલમાં મુકવામાં આવેલ છે. આ સંદર્ભમાં વર્ગ-૧ના અધિકારીઓ (જી.એ.એસ., જી.પી.એસ., જી.એફ.એસ. સિવાયના) કે જેઓ તા. ૧-૧-૨૦૧૫ની સ્થિતિએ ૫૬ વર્ષ કરતાં ઓછી વયના હોય અને વર્ગ-૧માં ૧૫,૬૦૦-૩૯,૧૦૦ ગ્રેડ પે રૂ. ૫૪૦૦ના પગાર ધોરણમાં ૮ વર્ષ કે તેથી વધુ સેવાઓ બજાવેલ હોય તેવા તમામ વર્ગ-૧ના અધિકારીઓ જો તેઓ પસંદગીથી આઈ.એ.એસ. સંવર્ગમાં નિમણૂંક પામવા ઈચ્છા હોય તો સામાન્ય વહીવટ વિભાગને તા. ૫-૨-૨૦૧૬ સુધીમાં અરજી કરવાની રહેશે. આ અરજીનો નમૂનો સામાન્ય વહીવટ વિભાગની વેબસાઈટ http://gad.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે, તેમ સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## વાતાવરણમાં અચાનક પલટો જીરૂ, વરિયાળી અને રાયડાના પાકમાં રોગની ભીતિ

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લામાં સોમવારે વાતાવરણમાં આવેલા અચાનક પલટાને કારણે આખો દિવસ વાતાવરણ વાદળછાયુ રહ્યુ હતુ. જોકે સવારથી જ ગાઢ ધુમ્મસ પડી રહ્યું હોવાને કારણે વાતાવરણ ધૂંધળુ બની રહ્યુ હતુ. તેમજ દિવસ દરમિયાન પણ સૂર્યદેવના દર્શન થયા ન હતા.

સોમવારે વાતાવરણમાં આવેલા અચાનક પલટાને કારણે ખાસ કરીને હિંમતનગર, પ્રાંતિજ, ઈડર, ખેડબ્રહ્મા, વડાલી, પોશીના અને વિજયનગર સહિતના અન્ય સ્થળે અંદાજે ૧૫ હજાર હેક્ટરથી વધુ જમીનમાં વાવેતર કરાયેલા દીવેલા, રાયડો, વરિયાળી, જીરૂના પાકમાં રોગચાળો આવવાની સંભાવનાને લઈને ખેડૂતવર્ગ ચિંતાતુર બની ગયો છે. ઉલ્લેખનીય છે કે જે ખેડૂતોએ રાયડાનું આગોતર વાવેતર કરી દીધુ છે ત્યારે તે પાક દાણા અવસ્થામાં હોવાથી મોલોમસીનો ઉપદ્રવ થવાની બીકે ખેડૂતોએ દવાઓનો છંટકાવ શરૂ કરી દીધો છે.

બીજી તરફ વાતાવરણમાં આવેલા પલટાને કારણે લોકોએ દિવસ દરમિયાન ઠંડીનો વધુ અનુભવ કર્યો હતો. ખેતી વૈજ્ઞાનિકોના જણાવાયા મુજબ આગામી ત્રણ દિવસ સુધી આકાશ વાદળછાયુ રહેનાર હોવાને કારણે માવઠાની શક્યતા નકારી શકાતી નથી. એટલુ જ નહિ પણ જિલ્લાના વિવિધ સ્થળે ખેડૂતો ઉનાળુ મગફળીનું વાવેતર કરી રહ્યા છે ત્યારે તેમના માટે પણ વાતાવરણનો આ પલટો ચિંતા સમાન બની ગયો છે. જો કે ઠંડી વધુ પડશે તો ઘઉંના પાકને ફાયદો થશે.



## ગલતેશ્વરમાં કબડ્ડી સ્પર્ધા યોજાઈ

પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર રોડ ઉપર આવેલ પ્રોટોલેઈન ટેબલવેટનું ઉદઘાટન કરતી અંબટો સિરામિક ઈન્ટરનેશનલ પ્રા. લિ. (મલ્ટી નેશનલ કંપની) માં ઓફિસ સ્ટાફ અને કર્મચારી સ્ટાફ વચ્ચે કબડ્ડી સ્પર્ધા યોજાઈ હતી. અંબટો સિરામિક ઈન્ટરનેશનલ પ્રા. લિ. કંપનીમાં રમત ગમત સપ્તાહનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઓફિસ મહિલા ટીમ તથા કર્મચારી મહિલા ટીમ વચ્ચે કબડ્ડી યોજાઈ હતી. જેમાં કંપનીના સીઈઓ સેરેન્દ્રનાથ પેરૂમારેક, ધર્મેન્દ્ર મહાશંકર જાની, રમાકાન્તદાસ ગોસ્વામી વગેરે આ પ્રસંગે ઉપસ્થિત રહી કંપનીના ઓફીસ સ્ટાફ તથા કર્મચારી સ્ટાફનો ઉત્સાહ વધાર્યો હતો અને કબડ્ડીમાં કર્મચારી વિજેતા ટીમની જીત થતાં તેમને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.



## ખેલ મહાકુંભ અંતર્ગત માથાસુલિયા પ્રાથમિક શાળામાં રમતોની સ્પર્ધા યોજાઈ

ખેલમહાકુંભ અંતર્ગત માથાસુલિયા પ્રા.શાળામાં વિવિધ રમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ. જેમાં કબડ્ડી, ખોખો, દોડ તથા ઊંચીકૂદની સ્પર્ધા યોજાઈ હતી. વિજેતા ટીમોને શાળાના સ્ટાફ તરફથી અભિનંદન આપવામાં આવ્યા હતા. શ્રી જયેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રેફરીની ભૂમિકા રણજીતકુમાર વણકર તથા મેદાનની કામગીરી શિવશંકર જોષીએ સંભાળી હતી.



ગાંધીનગરના સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવાની મહિલા પાંખ દ્વારા બોરીજ ગામની આંગણવાડીના જરૂરિયાતમંદ બાળકો માટે રમકડાં દાનમાં આપવામાં આવ્યા હતા કુલ રૂપિયા પાંચ હજારના રમકડા દાન આપી સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાની મહિલાઓએ ઉત્કૃષ્ઠ સેવા કાર્યનું ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે. રમકડાં જોઈ આંગણવાડીના બાળકોના ચહેરા પર ખુશ વ્યાપી જવા પામી હતી.

## વિરોધ કરશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ વ્યવસ્થામાં સરપંચના હક્કનું રક્ષણ કરવું એ અમારી ફરજ છે અને અમે સરકારના આ તાયફાઓનો વિરોધ કરી રહ્યા છીએ.

બીજી તરફ તંત્ર એ પણ ગ્રામસભાના આયોજનને લઈ તેની તૈયારીઓ પૂરી કરી લીધી છે. આ માટે ૬૫ જેટલા લાયઝન અધિકારીઓની નિમણુંકના હુકમો કરી દેવામાં આવ્યા છે. દરેક ગામને આ સભા અંગેની જરૂરી સૂચનાઓ પણ અપાઈ ગઈ છે.

ગાંધીનગર જિલ્લામાં ગ્રામસભા અભિયાનના વિરોધ કરવાના નિર્ણયને પગલે અધિકારીઓ પણ સતર્ક થઈ ગયા છે. જો કે દરેક અધિકારીને પાંચ થી ૬ ગ્રામસભાઓમાં હાજરી આપવા અંગેનું સમય પત્રક તૈયાર કરી આપી દેવામાં આવ્યું છે. આજથી શરૂ થતા આ અભિયાનને પગલે કચેરીઓમાં હવે અધિકારીઓ પણ ઉપલબ્ધ થશે નહિ. ગ્રામસભાઓ સવારે ૧૧ વાગ્યાથી શરૂ થશે જયારે છેલ્લી ગ્રામસભા બપોરે ૩ વાગે શરૂ થશે. ૩૧મી સુધી આ અભિયાન ચાલશે.

આ ગ્રામસભાઓમાં મનરેગાનું લેબર બજેટ, વિલેજ ડેવલપમેન્ટ પ્લાનની મંજૂરી સહિત ઘણા બધા અગત્યના નિર્ણયો લેવાના હોઈ આ અભિયાનને મહત્વપૂર્ણ અભિયાન તરીકે લેખવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ગુણોત્સવ દરમિયાન જે પ્રશ્નો સામે આવ્યા છે તેના ઉકેલ માટે તંત્રએ કરેલા પ્રયાસો અથવા તો સ્થિતિની જાણકારી પણ ગ્રામસભામાં આપવાની છે.

ગ્રામસભા અભિયાનમાં રજુ થતા પ્રશ્નોના ઉકેલ માટે તંત્ર કે સરકાર દ્વારા કોઈ જ પ્રયાસો નહિ થયા હોવાથી ગ્રામજનોમાં પણ ઉદાસીનતા જોવા મળી રહી છે આથી ગ્રામસભામાં કોરમ થશે કે કેમ? તેને લઈ પણ પ્રશ્નાર્થો ઉભા થયા છે.

## સીએ ફાઈનલ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભણવાના હોય છે જે દરેક પોતાની રીતે ખાસ છે. તે દરેક સબ્જેક્ટ માટે અલગથી વિશેષ આયોજન કરતી હતી પરંતુ તેમાં સમય કરતા ગુણવત્તાને વધુ મહત્વ આપતી હતી. જ્યારે વાંચતા વાંચતા સંતોષ થઈ જાય એટલે અથવા ઊંઘ આવી જાય એટલે તુરંત જ ઊંઘી જવાનુ પસંદ કરતી. તે કહે છે શહેરમાં અમદાવાદ ભણવા જવાનો ટ્રેન્ડ છે પરંતુ જ્યારે ક્વોલીટી એજ્યુકેશન જ્યારે ગાંધીનગરમાં જ પ્રાપ્ત છે તો શા માટે અપડાઉન વગેરેમાં સમય વેડફવો ? તે માને છે કે પરિવાર પોતાની માતાએ સૌથી સપોર્ટ કર્યો છે. તેની માતા હંમેશા અભ્યાસ સમયે મદદરૂપ થતી એટલે સુધી કે નાના ઘરમાં મહેમાનો આવી ડિસ્ટર્બ ના કરે તે માટે મહેમાનોને પણ ટાળતી અને પોતે પણ શક્ય હોય તેટલી ઓછી વાત કરતી. પિતા પણ હંમેશા નૈતિકબળ પુરૂ પાડતા હતા. આજે આ સિદ્ધિ મેળવતા મા-બાપના ચહેરા પર જે સંતોષ અને ગર્વની લાગણી જોવા મળી છે તે અમૂલ્ય છે. ખરેખર, કૃષ્ણાએ કવિ શૂન્ય પાલનપુરીની આ પંક્તિઓ યથાર્થ કરી બતાવી છે.

"પ્યાસને તૃપ્તિના સાગરમાં જે ઝબકોળી શકે,
એજ રણના મનસૂબાને ધૂળમાં રોળી શકે,
ઝુલ્ફ કેરા વાળ સમી છે ભાગ્યની ગુંચો બધી,
માત્ર એને 'યત્ન' કેરી કાંસકી જ ઓળી શકે.

## અક્કડ રહેતા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૌની નજર નિરીક્ષકોની હાજરીમાં ૨૨મીએ સવારે પક્ષના સભ્યોની મળનારી બેઠક પર મંડાઈ છે.

મળતી વિગતો મુજબ અસંતુષ્ટ જૂથે જિલ્લા પંચાયતની નવ સમિતિઓમાંથી ૭ સમિતિઓમાં ચેરમેન પદ ઉપરાંત સભ્યપદની માંગણી કરી છે. આથી હવે મામલો વધુ પેચીદો બન્યો છે. પક્ષ દ્વારા એક વર્ષની મુદતનો વિકલ્પ આપવાની વાત કરવામાં આવી છે પરંતુ તે માન્ય રાખવામાં નહિ આવ્યાનું બહાર આવવા પામ્યુ છે.

જિલ્લા પંચાયતમાં કોંગ્રેસને ૨૫ બેઠકો મળી છે અને બળવાની કોઈ સ્થિતિ ના ઉભી થાય તેના માટે પ્રદેશ નેતાગીરી આ વખતે વધુ સતર્ક બની આગળ વધી રહી હોવાનું જાણવા મળેલ છે.

## ચ-૩ સર્કલ પાસે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના ચ-૩ સર્કલ પર અગાઉ વાહનો પલ્ટી મારતા માર્ગ સલામતીનો પ્રશ્ન ઉઠવા પામ્યો હતો. જયારે છેલ્લા ઘણાં સમયથી આ વિસ્તારમાં પાણી લીકેજીસની સમસ્યા તંત્ર માટે શિરદર્દનુ કારણ બની છે. ગઈકાલે આ વિસ્તારમાં ફુટપાથની નીચેથી પસાર થતી પાણીની લાઈનમાં લીકેજ થતા મોટુમસ ગાબડુ અસ્તિત્વમાં આવ્યુ હતુ. જયારે તંત્રની ટીમે મોડીરાત સુધી રીપેરીંગ કરીને લીકેજીસની સમસ્યા નિવારી હતી. જો કે હજુ પણ આ વિસ્તારમાં પાણીની લાઈનમાં લીકેજીસની સમસ્યા યથાવત છે. ચ-૩ સર્કલને અડીને માર્ગ વચાળે જ પાણીની લાઈનમાં નાનુ લીકેજ હોવાના લીધે ધીમે ધીમે પાણી નિતરતુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. શિયાળાની ઋતુમાં પાણીનો વપરાશ ઘટવાની સાથે લાઈનમાં ફોર્સ વધતા લીકેજીસની સમસ્યા વધી જતી હોવાનુ પણ મનાઈ રહયુ છે. આવા સંજોગોમાં લીકેજીસની સમસ્યાને ડામવા તંત્ર દ્વારા અભિયાન હાથ ધરાશે. જેમાં ચ-૩ સર્કલ પાસેના લીકેજને દુર કરવા પણ આગામી દિવસોમાં કામ હાથ ધરાશે. જો કે આ લીકેજના સમારકામ પાછળ બે દિવસનો સમય લાગે તેમ છે.

## ઠંડીનો ચમકારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બન્યુ હતું. જો કે મહત્તમ તાપમાન ૨૬.૮ ડિ.સે. જેટલું રહેતા દિવસે પણ ઠંડકનો અનુભવ થતો હતો. બાળકો અને વડીલોને આખો દિવસ સ્વેટર પહેરવાની ફરજ પડી હતી. ઉત્તર ભારતમાં હજુ શીત લહેરની અસર યથાવત રહી છે. જમ્મુ-કાશ્મીરના કેટલાક ભાગમાં તાપમાન માઈનસમાં નોંધાઈ રહ્યું હતું. હાડ થીજવતી ઠંડીની અસર હજુ એકાદ-બે દિવસ રહેવાની આગાહી હવામાન વિભાગે વ્યકત કરી છે જેના કારણે શહેરમાં ઠંડીનો ચમકારો યથાવત રહેવાની સંભાવના છે.

## અગ્નિસ્નાન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

યુવાને રૂ. ૧૦૦ના દરની નકલી ચલણી નોટો છાપી અને સાળાને સાથે રાખીને ગાંધીનગર નજીકના આદરજ મોટી ગામમાં દુકાનોમાં વિમલ પાન મસાલા ખરીદવાના બહાને નકલી નોટો વટાવવા પહોંચી ગયો હતો. શકને આધારે ગામના વેપારીઓએ બાઈક પર આવેલા બન્ને શાળા-બનેવીને પકડી પેથાપુર પોલીસને ગઈકાલે સોંપી દીધો હતો. પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળાએ મુળ દહેગામના સલકી ગામના અને હાલ દહેગામ-નરોડા રોડ પર આવેલા રાઘવ રેસીડેન્સી ખાતે રહેતા ૧૯ વર્ષીય ગૌરાંગ પ્રવિણભાઈ પંચાલ અને દહેગામના સોગઠી વાસણા ગામે રહેતા ૨૦ વર્ષિય તેના સાળા પ્રવિણ ચંદુભાઈ પંચાલ બંનેને પકડીને તેમની બેગ તપાસતા એક જ સીરીઝની રૂ. ૧૦૦ના દરની ૮૭ નંગ નકલી નોટો મળી આવી હતી. પેથાપુર પોલીસે વેપારી દિપકજી ઠાકોરની ફરીયાદને આધારે કુલ ૯૧ નકલી નોટ તથા મોબાઈલ અને ત્રણ મોબાઈલ સાથે બંને સાળા-બનેવીની ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરી હતી. તે ઉપરાંત જે પ્રિન્ટરથી નકલી નોટો ગૌરાંગ છાપતો હતો તે કલર પ્રિન્ટર પણ પોલીસે જપ્ત કરી આજે કોર્ટમાં રજુ કરતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

ગૌરાંગના માતા-પિતાને પોતાનો દિકરો નકલી ચલણી નોટો બનાવીને પધરાવતા પકડાયો હોવાની જાણ થતા તેમની માનસીક સ્થિતિ દયનીય થઈ ગઈ હતી. એક તરફ સમાજ શુ કહેશે ? બીજી તરફ દિકરો ક્યાંરથી આવુ કૃત્ય કરતો થઈ ગયો ? તેણે આવુ કર્યુ હશે ? અનેક સવાલો સાથે લકવાગ્રસ્ત પિતા પ્રવિણભાઈ પંચાલ અને માતા દક્ષાબેન પોલીસ સ્ટેશન પહોંચ્યા ને દિકરાને જેલના સળીયા પાછળ જોયો પછી બંને પડી ભાંગ્યા હતા. માતા-પિતા નરોડા પોતાના ઘરે ગયા અને ધોરણ-૭માં અભ્યાસ કરતા ૧૩ વર્ષના નાના દિકરાને પ્રવિણભાઈ તેમની બેનના ઘરે કૃષ્ણનગર ખાતે મુકી આવ્યા હતા. ત્યાર બાદ આજે બપોરે આશરે બે વાગ્યાના અરસામાં અંદરથી દરવાજો બંધ કરીને માતા-પિતા બંનેએ પોતાના શરીરે કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી લેતા ચકચાર મચી જવા પામી છે. તો બીજી તરફ ચલણી નોટો છાપતા પકડાયેલા યુવાનને પણ ભયંકર મોટી સજા મળી ગઈ છે. પેથાપુર પોલીસે ગુનામાં પકડાયેલા સાળા-બનેવીને કોર્ટમાં રજુ કરતા કોર્ટે તા. ૨૧ જાન્યુઆરી સુધીના બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. જોકે એક તરફ દિકરો પોલીસ રિમાન્ડ પર છે તો બીજી તરફ તેના જ કૃત્યથી મોતને ભેટેલા તેના માતા-પિતાના અંતિમ સંસ્કાર..!

## મસૂદ સામે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યુ હતુ. સાથે સાથે ત્રાસવાદીઓને પઠાણકોટમાં હુમલો કરવાની ટ્રેનિંગ પણ પાકિસ્તાનમાં પણ આપવામાં આવી હતી. પાકિસ્તાની મિડિયામાં ખોટા અહેવાલ આવ્યા હતા. મૌલાના મસુદની ખરેખર તો અટકાયત પણ કરવામાં આવી નથી. અઝહરને કોઈ કસ્ટડીમા રાખવામાં આવ્યો નથી.

## પોલિગ્રાફ ટેસ્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાસ્તવિકરીતે ખુલી છે. પોલિગ્રાફિક ટેસ્ટ મારફતે વાસ્તવિકતા જાણવાના પ્રયાસ થઈ રહ્યા છે. કેટલાક લોકોનું કહેવું છે કે, પોલિગ્રાફિક ટેસ્ટ કરાવવાનો મતલબ એ છે કે, સંબંધિત વ્યક્તિ ઉપર માત્ર શંકા જ નથી બલ્કે તેની પ્રવૃત્તિ ઉપર પણ સંપૂર્ણ વિશ્વાસ છે અને તે તપાસમાં સહકાર આપી રહ્યા નથી તે બાબત જાહેર થઈ ચુકી છે. કેટલીક જગ્યાઓથી એવી બાબત જાણવા મળી છે કે, સલવિન્દરના કનેક્શન ડ્રગ્સ સિન્ડિકેટ સાથે પણ છે. તે પાકિસ્તાનથી આવનાર માદક દ્રવ્યોના જથ્થાને ભારત તરફ લાવવામાં અને તેને છુપાવી દેવામાં પણ મદદ કરતા હતા.

## Hello ફ્રેન્ડ્સ!

● ૪ પાનાનું ચાલુ...

એકદમ પાછું ફરી જાય, જાણે એમને કોઈ બીજાના નંબરની કાર જોઈતી હતી, આ બધી જમાત એવી જ હોય છે!

મુદ્દો સમજવા માટેનો વાદ-વિવાદ કે ચર્ચા નહીં, માત્ર વિવાદનો આનંદ લેવો એ જ એમનો ધર્મ, એ લોકો કોઈનું કંઈ ખરાબ કરતાં નથી, પણ એ ક્ષણે એટલી ચર્ચામાં થતી ચડભડ જ એમનો ખોરાક, અન્ન પાણી, જીતવાનો આનંદ, એકાદી વાત એનેય ખબર હોય કે સાચી છે, તોય પોતાની ઈમેજ રાખવા ખોટી ચર્ચા કરતાં આવા સમાજમાં ફરતાં મિત્રો એટલે વિરોધપક્ષના નેતા!!

**ચૂંટલો :** પરમેશ્વરે મુડ ઑફ પિરિયડમાં બનાવેલા આ બિરાદરોને હેરાન ન કરવામાં જ ભલું સમજો. હવે, આ આખો લેખ વાંચી મને પણ કહેશે, 'અરે, આવાં લોકોને એકલા છોડી દો ચિંતા ના કરો, એ તો બધાંને કારણ વગર હેરાન કરશે જ. તમે ધ્યાન ધરો, યોગાસન કરો, હજી સારાં લેખ લખી શકશો.' લો, કર લો બાત!!

**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ**

આથી વહીવટી સંચાલક ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.ની કચેરી દ્વારા નીચે જણાવેલ કામો માટે સેલ્સટેક્ષ રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવી રસ ધરાવનાર અનુભવી એજન્સીઓ પાસેથી નિયત ભાવપત્રકમાં ભાવો મંગાવવામાં આવે છે. ભાવપત્રક અત્રેની કચેરીમાં રૂ. ૨૦૦/- ભરેથી તા. ૩૦/૧/૨૦૧૬ (૧૮:૦૦ કલાક) સુધી આપવામાં આવશે. ભરેલ ભાવપત્રકો તા. ૮/૨/૨૦૧૬ સુધી રજી.પો.એ.ડી.થી સીલબંધ કવરમાં નીચેના સરનામે પરત કરવાના રહેશે. આવેલ ભાવપત્રકો શક્ય હશે તો તા. ૯/૨/૨૦૧૬ના રોજ ૧૨:૦૦ કલાકે હાજર રહેલ એજન્સીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે.

**કામનું નામ**

જી.એસ.આર.ડી.સી. ગાંધીનગર કચેરી ખાતે સ્ટેશનરી આઈટમ પુરી પાડવાની કામગીરી વાર્ષિક ભાવો મંગાવવા બાબત.

જનરલ મેનેજર
ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.
ભોંયતળિયે, નિર્માણ ભવન, સેક્ટર નં.૧૦/એ, ગાંધીનગર
ફોન નં. ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫, www.gsrdc.com
માહિતી/૨૩૬૧/૨૦૧૫-૧૬

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82